# દિવાળીનું ફટાકડાનું પ્રદૂષણઃ જોખમ પર આનંદ કેમ ભારે પડે છે?

**ફાયરવોલ**
**રાજ ગોસ્વામી**

'ભારતમાં લોકો પ્રદૂષણની પરવા શા માટે નથી કરતા?'- આ સવાલ જેટલો સામાન્ય લાગે છે તેટલો જ જટિલ છે. તાજેતરમાં દિવાળી દરમિયાન દિલ્હીમાં ફટાકડા ફોડવાના પગલે હવાનું પ્રદૂષણ સાધારણ કરતાં ઘણું બધું વધી ગયું હતું. દેશમાં મોસમના બદલાવની સાથે તહેવારોનો પ્રભાવ પણ હવામાં સ્પષ્ટ જોવા મળી રહ્યો છે. દરેક વર્ષોની જેમ આ વર્ષે પણ દિવાળી પ્રસંગે દેશભરમાં જબરદસ્ત ફટકડા અને આતશબાજી થઇ હતી, જેણે હવાને ફરીથી ઝેરી બનાવી દીધી હતી.



કેન્દ્રિય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા 23 ઓક્ટોબરે જારી કરવામાં આવેલા આંકડાઓના વિશ્લેષણથી ખબર પડે છે કે દેશમાં માત્ર 16% શહેરોમાં જ શુદ્ધ હવા છે. લગભગ 33% શહેરોમાં સ્થિતિ સંતોષજનક છે, જ્યારે બીજી બાજુ 51% શહેરોમાં સ્થિતિ ચિંતાજનક છે. અર્થાત દેશમાં મોટા ભાગનાં શહેરોમાં આજે હવા ચિંતાજનક છે. રાહતની વાત એ છે કે દિવાળીના બીજા દિવસથી શહેરોમાં હવા શુદ્ધ થવા લાગી હતી.

આવું દર વર્ષે થાય છે. કેમ? દિલ્હી જેવાં શહેરોમાં હવાનું પ્રદૂષણ, મોસમની જેમ, નિયમિત થઇ ગયું છે તે બતાવે છે કે તેનો સંબંધ ટેક્નિકલ કમી અથવા જાગૃતિના અભાવ સાથે નથી; તેમાં મનોવિજ્ઞાન, સમાજ-સંસ્કાર, આર્થિક અને સંસ્થાકીય કારણો બધાનું મિશ્રણ છે. સમજવાની કોશિશ કરીએ:

દિવાળી અને ફટાકડા અસ્થાયી તો હોય છે, પરંતુ તેની અસર ખૂબ જ તીવ્ર હોય છે. ફટાકડા ફૂટવાથી PM 2.5 અને PM 10 (અત્યંત સૂક્ષ્મ કણો)નું જબરદસ્ત ઉત્સર્જન થાય છે; અનેક અભ્યાસોએ દર્શાવ્યુ છે કે દિવાળી રાત્રે હવામાં આ કણોની ઘનતા તહેવાર પહેલાંના નાના સ્તર કરતાં અનેક ગણી વધી જાય છે, અને તેમાં લોખંડ આધારિત મિશ્રણો (બેરિયમ, સ્ટ્રોન્શિયમ વગેરે) પણ હોય છે જે સ્વાસ્થ્ય માટે ગંભીર છે- તેનાથી શ્વાસના રોગો, હૃદયના રોગો, શ્વસન સંક્રમણ અને દીર્ઘકાલીન કેન્સરની સમસ્યાઓનું જોખમ વધે છે. ઉપરાંત, શિયાળામાં હવા સ્થિર રહે છે અને ધુમાડાને વિખરવા નથી દેતી, તેથી ઉત્સર્જન જમીનના સ્તરે રહે છે, જેને આપણે 'સ્મોગ' અથવા ધુમ્મસ કહીએ છીએ.

આટલી સાદી અને વૈજ્ઞાનિક સ્પષ્ટતા આપણી સમજમાં કેમ નથી આવતી? મૂળ કારણ છે માનસિકતા. માણસ 'દેખીતા અને તાત્કાલિક' જોખમ પર ઝડપથી પ્રતિક્રિયા આપે છે, પણ ભવિષ્યના જોખમ પ્રત્યે ઉદાસીન હોય છે. પ્રદૂષણનું જોખમ ધીમું, અસ્પષ્ટ અને સમયમાં ફેલાયેલું હોય છે- થોડી ખાંસી આવે કે આંખોમાં જલન થાય તો માણસોને એવું નથી લાગતું કે આ જીવન-મરણનો મામલો છે. લોકો તેને તરત જ અવગણી કાઢે છે એટલું જ નહીં, તેને હવાની સમસ્યા ગણવાને બદલે શરીરની કમજોરી પણ માની લેતા હોય છે.

બીજું, ઉત્સવોમાં લોકો સામુહિક રીતે ઉત્સાહિત હોય છે; તેમાં સોશિયલ કોન્ટેજન (સામાજિક સંસર્ગ) કામ કરે છે- જ્યારે આસપાસમાં અનેક લોકો ફટાકડા ફોડતા હોય ત્યારે, વ્યક્તિગત જોખમને જોવા-સમજવાની ક્ષમતા ઓછી થઇ જાય છે. આપણી 'ક્રાઉડ સાઈકોલોજી' એવું પ્રતીત કરાવે છે કે આટલા બધા લોકો ફટાકડા ફોડતા હોય, તો તેઓ સારું જ કરતા હશે ને!

ઉપરાંત, કોગ્નેટિવ ડિઝોનન્સ (બૌદ્ધિક અસંગતિ) પણ કામ કરે છે; લોકો જાણે છે કે ફટાકડા હાનિકારક છે, પરંતુ આનંદની પરંપરાની વિરુદ્ધ જવું મુશ્કેલ લાગે છે. તેમના માટે આનંદ જોખમ પર ભારે પડે છે. એટલે તેઓ જાતને આ રીતે સમજાવે છે; 'થોડાંક જ ફટાકડા ફોડીશું' અથવા 'ગ્રીન-ક્રેકર્સની અસર તો ઓછી હોય છે.'- અને આ રીતે તેઓ અસંગતિને મનમાં સુલઝાવી દે છે.

**માણસ 'દેખીતા અને તાત્કાલિક' જોખમ પર ઝડપથી પ્રતિક્રિયા આપે છે પણ ભવિષ્યના જોખમ પ્રત્યે ઉદાસીન હોય છે. પ્રદૂષણનું જોખમ ધીમું, અસ્પષ્ટ અને સમયમાં ફેલાયેલું હોય છે- થોડી ખાંસી આવે કે આંખોમાં જલન થાય તો માણસોને એવું નથી લાગતું કે આ જીવન-મરણનો મામલો છે. લોકો તેને તરત જ અવગણી કાઢે છે**

સામાજિક અને સાંસ્કૃતિક કારણો પણ વધુ ઊંડા હોય છે. દિવાળી જેવા તહેવારોનો સામાજિક-સાંસ્કૃતિક અર્થ માત્ર રોશની નથી; તે ઓળખ, સમુદાય સાથે મેળ-મિલાપ અને 'પરંપરાગત સ્વાતંત્ર્ય'નું પ્રતીક પણ છે. એટલે આ તહેવારોમાં ફટાકડા ફોડવાનો સંદર્ભ સદીઓ જૂની પરંપરાઓ સાથે જોડાયેલો છે- તે બાળકોની ખુશીઓ છે અને અંધકારનો વિનાશ છે.

જ્યારે સરકાર અથવા અદાલત એના પર પ્રતિબંધ મૂકે ત્યારે કેટલીક જૂથો આ પ્રતિબંધને સાંસ્કૃતિક દબાવ તરીકે લેતા હોય છે અને તેનો વિરોધ સહજ બની જાય છે.

આ વિરોધ પ્રદર્શનની પાછળ રાજકીય ઓળખ, સામુદાયિક ગર્વ અને 'અલગાવનો ભય' પણ હોય છે; તેથી લોકો નિયમોનું ઉલ્લંઘન કરવાને રાજકીય અથવા સાંસ્કૃતિક અવાજ ગણી લેતા હોય છે. સરકારો અને કોર્ટો એટલા માટે હથિયાર હેઠાં મૂકી દેતી હોય છે.

લોકોએ પણ સમજતા નથી કે પ્રદૂષણ બહુ-સ્તરીય સ્ત્રોતોનું મિશ્રણ છે; વાહનો, બાંધકામ, બાયોમાસ સળગાવવો, ઔદ્યોગિક ધુમાડા, અને ઉત્સર્જન કરતા ફટાકડા- આ બધાનો સંયુક્ત પ્રભાવ બને છે. જ્યારે કારણો અલગથલગ હોય, ત્યારે વ્યક્તિગત જવાબદારીનો ભાર ઓછો લાગતો હોય છેઃ 'મારા એક-બે ફટાકડા શું ખરાબી લાવશે?' પ્રદૂષણ જ્યારે પ્રણાલીગત હોય અને તેના ઉપાય માટે મોટા પાયે પગલાં લેવાની જરૂર હોય (કૃષિ-કચરાની વ્યવસ્થા, પાવર-પ્લાન્ટ સંચાલન), ત્યારે વ્યક્તિગત નિર્ણયનો પ્રભાવ સીમિત લાગે છે, અને લોકો એવું માનતા થઇ જાય છે કે આ કામ મારું નથી, સરકારનું છે.

આનું સમાધાન શું? માત્ર 'લોકોને ચેતવણી આપવી' પૂરતી નથી- આપણને બહુ-સ્તરીય રણનીતિની જરૂર છેઃ (1) વૈજ્ઞાનિક અને સરળ રીતે સમજી શકાય તેવી સરકારી માહિતી (રીઅલ-ટાઇમ AQI, આરોગ્ય માટેનો સંદેશ) જેથી જોખમ તાત્કાલિક અનુભવાય; (2) સામાજિક વિકલ્પ- સ્થાનિક સ્તરે 'ફટાકડા-વગર'ના સામુહિક ઉત્સવનું આયોજન (3) આર્થિક પ્રોત્સાહન- વૈકલ્પિક ગ્રીન મનોરંજન (લાઈટ શો, ડ્રોન શો) સસ્તું અને સુલભ બનાવવું; (4) કડક અને કાયદેસર દેખરેખ- જે વિસ્તારોમાં ઉલ્લંઘન વધારે થાય ત્યાં તરત દંડ અને જાહેરમાં નામકરણ; (5) અને સૌથી જરૂરી- કૃષિ-કચરા, ઈંધણ અને વાહન ઉત્સર્જન પર લાંબાગાળાની નીતિ, કારણ કે દિવાળી જેવા ઘટનાક્રમ માત્ર તાત્કાલિક અસર છે, મૂળ સમસ્યા તો વર્ષભરના ઉત્સર્જનમાં છે.

નિષ્કર્ષ એ છે કે 'લોકો પ્રદૂષણ વિશે ચિંતા કરતા નથી' એવું કહેવું અર્ધસત્ય છે. વાસ્તવમાં ઘણા લોકો ચિંતા કરે છે, પરંતુ ભાવનાત્મક, સામાજિક અને માનસિકતા તેમને એવું વર્તન કરવા દેતું નથી જે વૈજ્ઞાનિક રૂપે યોગ્ય હોય. જ્યાં સુધી સરકાર લોકોની ચિંતાને સામાજિક-સાંસ્કૃતિક ભાષામાં નહીં બાંધે- પરંપરાનું સન્માન જાળવી રાખીને નવી આદતો નહીં વિકસાવે, સંસ્થાકીય જવાબદારી નહીં વધારે અને પ્રદૂષણના હાનિકારક પ્રભાવને સીધા જીવન (બાળકોની તંદુરસ્તી, વૃદ્ધોના રોગ, આર્થિક ભાર) સાથે નહીં જોડે- ત્યાં સુધી દિવાળી જેવા દરેક અવસરો પર આપણે આનંદની સાથે જોખમની પણ આગતાસ્વાગતા કરતા રહીશું.

# સરદાર સાથે સંવાદ

**બોલ્યું-ચાલ્યું માફ**
**ઉર્વીશ કોઠારી**

બે દિવસ પહેલાં સરદાર પટેલની 150મી જન્મજયંતિ હતી. એ નિમિત્તે થયું કે સરદાર સાથે જરા વાત કરીએ. એટલે આંખ બંધ કરી અને સરદાર હાજર. એ જ સ્મિત. સામેવાળાને માપી લેતી નજર, જેમાં 'બોલ, શું કામ હતું?' એવો સવાલ ન પૂછાયો હોય તો પણ સામેના માણસને સંભળાઈ જાય. ત્યાર પછી સીધી મુદ્દાની વાત કરવી પડે. પણ હવે એ ક્યાં નાયબ વડાપ્રધાન હતા કે વ્યસ્ત હોય. એટલે જરા શાંતિથી વાત શરૂ કરી.

પ્રઃ જય હિંદ, સરદારસાહેબ.

સરદારઃ કેમ ભાઈ, તમારે ત્યાં નેતાઓ ખૂટી ગયા છે તે હિંદની જય બોલાવવી પડે છે?

પ્રઃ ના, એવું તો નથી. જખ મારીને જય બોલાવવી પડે એવા છે એક-બે.

સરદારઃ એક-બે જ?

પ્રઃ ધીમેથી બોલો...નકામું કોઈ સાંભળતું હશે કે ક્યાંક જાસુસી સોફ્ટવેર લગાડેલું હશે તો...

સરદારઃ એક-બેનો એટલો બધો...

પ્રઃ (આજુબાજુ જોઈને, મોટેથી) મહિમા સાહેબ, મહિમા. ખોફ, આતંક, ત્રાસ, ડર કે એવો બીજો કોઈ શબ્દ ન વાપરતા. તમે તો અંતર્ધ્યાન થઈ જશો. મારે રહેવાનું છે.

સરદારઃ અરેરે, આટલી બધી બીક? આવી આઝાદી માટે અમે જીવન ખર્ચી નાખ્યું?

પ્રઃ પણ તમારે જીવ બાળવાની ક્યાં જરૂર છે? આ પૃથ્વી પરનું સૌથી મોટું પૂતળું તો તમારું છે. તમને આવું માન આ પહેલાં કદી મળ્યું હતું?

સરદારઃ (ખડખડાટ હસીને) તેને કરવાનું શું? કાલે ઉઠીને મારા કરતાં ઊંચું કોઈ પૂતળું બનશે તો પછી મને શું કહીશ? એ જ કે તમારું પૂતળું દુનિયાનું બીજા નંબરનું સૌથી ઊંચું પૂતળું છે? જોકે, તમને બે નંબરવાળું કદાચ વધારે અનુકૂળ આવશે. (હાસ્ય)

પ્રઃ તમે તો વિરોધ પક્ષો જેવી વાત કરો છો.

સરદારઃ કેમ, થોડી કોમન સેન્સની વાત કરે તે બધા વિરોધ પક્ષમાં જ ગણાઈ જાય છે? સરકારમાં કોઈ રહ્યું જ નથી, જે કોમન સેન્સની વાત કરે?

પ્રઃ સાહેબ, આડીઅવળી વાત છોડો. એમ કહો કે તમે સ્ટેચ્યુ ઓફ યુનિટી ગયા હતા?

સરદારઃ કેમ? મારું પૂતળું જોવા?

પ્રઃ એમાં શું છે? હવે તો સત્તાધીશોને પોતાના ફોટા જોવા એટલા ગમે છે કે સુલભ શૌચાલયો પર પણ...

સરદારઃ (સહેજ ખીજાઈને) હું તને એ નાતનો લાગું છું?

પ્રઃ ના, આમ તો તમે ગાંધીજીની નાતના.

સરદારઃ હવે તું આવ્યો લાઈન પર. હું ગાંધીજીની નાતનો. તેમને ગુરુ કર્યા. તેમની પાસે રહીને શીખ્યો અને તમને મને પૂતળાબાજીથી પટાવવા નીકળ્યા છો...(સહેજ અટકીને) તને એવું લાગે છે કે જેનાં પવિત્રતાને-દેશભક્તિને-ત્યાગને-બહાદુરીને હું નમતો હતો, એવા માણસ કરતાં તમે મને ઊંચો ચડાવશો એટલે હું રાજી થઈશ? મને એવો વેંતિયો ધારો છો?

પ્રઃ (સહેજ થોથવાઈને) ના, એટલે એવું નહીં, પણ...

સરદારઃ તને એટલું કહી દઉં કે હું ગાંધીનો શિષ્ય છું, અડવાણીનો નહીં. મારા ગુરુને નીચા પાડીને ઊંચા દેખાવાનો મને જરાય અભરખો નથી. (ધુંધવાટ સાથે) થોડો તો વિચાર કરવો હતો...મેં આખી જિંદગી મણિની કાંતેલી ખાદી પહેરી. મણિએ મારા ફાટેલાં કપડાંમાંથી સાડી બનાવીને પહેરી ને તમે...મારા પૂતળા પાછળ ત્રણ હજાર કરોડ રૂપિયામાં દીવાસળી ચાંપી? અને હવે મારી વર્ષગાંઠ ઉજવવાના બહાને મારા જીવન સાથે કશી લેવાદેવા ન હોય એવા તાયફા કરશો?



**હું ગાંધીનો શિષ્ય છું, અડવાણીનો નહીં. મારા ગુરુને નીચા પાડીને ઊંચા દેખાવાનો મને જરાય અભરખો નથી. થોડો તો વિચાર કરવો હતો...**

પ્રઃ તમને તો ખરેખર માઠું લાગી ગયું. મને એમ કે...

સરદારઃ ..કે હું મારું પૂતળું જોઈને ફુલાઈશ. જોકે તારો પણ શો વાંક? જેવું જુએ, એવું વિચારે. વાંક તો મારો જ કહેવાય કે મને આવા ભગતો મળ્યા. પહેલાં ટીકાકારો વળગી પડ્યા હતા ને હવે ભગતો. પેલું સાંભળ્યું છે ને...સોબત કરતાં શ્વાનની...(હસે છે)

પ્રઃ એ બધી વિવાદાસ્પદ વાતો છોડો. એમ કહો કે તમારી 150મી જન્મજયંતિએ કેવું લાગ્યું?

સરદારઃ એમાં વળી લાગવાનું શું? હું જીવતો હોત તો જુદી વાત હતી.

પ્રઃ પણ તમારી વાતો સાંભળીને લાગે છે કે...

સરદારઃ બોલ, અચાનક અટકી કેમ ગયો? કહી દે. મને ખરાબ નહીં લાગે. લોકોએ મારા નામે એટલું બધું ચરી ખાધું છે કે હવે ખરાબ લગાડવાનું બંધ કરી દીધું છે.

પ્રઃ આમ તો કહેવું ગમતું નથી, પણ તમારી વાત સાંભળીને લાગે છે કે તમે જીવતા નથી એ જ સારું છે. નહીં તો તમારો નંબર પણ લાગી ગયો હોત.

સરદારઃ તું મને જેલથી ન બીવડાવીશ. હું 6 વાર ને તે પણ અંગ્રેજોની જેલમાં ગયેલો છું. એક વાર તો બાપુ અને મહાદેવની સાથે હતો.

પ્રઃ જાણું છું, પણ એ જેલ જુદી હતી. તેમાં તમને સજા તો થઈ હતી. હવે તો સજા થયા વગર જેલમાં નાખી દે છે ને પછી કેસ ચાલતો નથી, જામીન મળતા નથી, અરે, ઉંમર અને રોગને લીધે હાથ ધ્રુજતો હોય તો પાણી પીવા માટે ભૂંગળી પણ મળતી નથી...

એટલે મારી એટલી જ વિનંતી કે આવું બધું બોલવાનું રહેવા દેજો. એમાં જ તમારું ને મારું ભલું છે. ચાલો ત્યારે, આપણે આજે મળ્યા જ નથી, એવું રાખીએ.

(આ સંવાદ સાથે જ આંખ ખુલી જાય છે, ત્યારે સરદાર અદૃશ્ય. સામે અખબાર પડ્યું છે, જેમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે ગાર્ડ ઓફ ઓનર લેતા વડાપ્રધાનની તસવીર છે અને સ્ટેચ્યુમાં રહેલા સરદાર મારી સામે જોઈને 'નહોતું કહ્યું?' અંદાજમાં મર્માળુ સ્મિત કરતા હોય એવો ભાસ થાય છે.)

## ઈશિતાનું અલકમલક

# આવો તે જસ્ટ, જોગાનુજોગ હોય?

કુદરત પણ કેવી અ-કળ છે! ન ધાર્યા હોય એવાં એવાં કરિશ્મા એ કરી દેખાડે. સામાન્ય રીતે કોઈ પણ ઘટના બને તો એની પાછળ કોઈ ચોક્કસ કારણ હોય, પણ ફાટાંબાજ કુદરત એવી કળા દેખાડે કે તમે અવાક રહી જાવ... આજકાલ એવા સમાચાર ગાજ્યા છે કે મૂળ આંધ્રપ્રદેશના પણ અબુધાબીમાં જોબ કરતા એક યુવાનને આશરે રુપિયા 230 કરોડની લોટરી લાગી છે! એના માટે આશ્ચર્ય સાથે આનંદની વાત એ છે કે એણે માતાની જન્મતારીખના નંબર 11 પરથી એ લોટરી ખરીદી ને જાણે માનાં આશીર્વાદ હોય એમ એને આવી જબરજસ્ત ઈનામી રકમ સાથે ફળી! લોટરીનાં ઈનામોમાં આવાં 'ચમત્કાર'થતા રહે છે. અહીં તો ઈનામ વિજેતા યુવાન એકલો હતો પણ થોડા મહિના પહેલાં કેરળની મલ્લપુરમ નગરપાલિકામાં કામ કરતી 11 મહિલાએ 250 રુપિયાની એક




'હમ સાથસાથ હૈ... પ્રેગ્નન્ટ !'

લોટરી ટિકિટ ભાગીદારીમાં ખરીદી હતી અને સપનામાં ય ધાર્યું નહોતું તેમ એમની લોટરી ટિકિટ રુપિયા 10 કરોડનું પ્રથમ ઈનામ વિજેતા ઠરી! આમ રાતોરાત કરોડપતિ બન્યા છતાં એ 11 મહિલા પોતાની સફાઈ કામદારની જોબ છોડવાની નથી! લોટરીનાં ઈનામ ઉપરાંત પણ કુદરત એની અજાયબ ચાલ ચાલતી જ હોય છે. ચાર મહિના પહેલાં જ કોઈને પણ ચકિત કરી દે એવો કરિશ્મા કુદરતે દેખાડ્યો છે. વાત કંઈક આમ છે. અમેરિકાની મઝોરી સ્ટેટની એક જાણીતી હોસ્પિટલ સાથે સંકળાયેલી એક લેડી ડોક્ટર સાથે 10 નર્સ એટલે કે કુલ 11 મહિલા એકસાથે પ્રેગ્નનન્ટ થઈ છે! આ દસેદસ નર્સ વત્તા ડોક્ટર હોસ્પિટલનાં મેટરનિટી ડિપાર્ટમેન્ટ સાથે સંકળાયેલા છે! 'યે ક્યા હુઆ...કૈસે હુઆ.. કબ હુઆ..?' જેવા પ્રશ્નનાં જવાબ હજુ સુધી અનુત્તર છે! હા, આમાં મજાની વાત એ છે કે એક જ હોસ્પિટલમાં કામ કરવા છતાં મોટાભાગની આ ગર્ભવતી નર્સ એકબીજા સાથે ખાસ પરિચિત નથી એટલે આ સમાચાર બહાર આવતા એ દરેકને અચંભો જરુર થયો છે. એમને મન આ એક જસ્ટ જોગાનુજોગ ઘટના છે! જોકે, બીજી તરફ હોસ્પિટલમાં એવી અફવા ફેલાઈ ગઈ છે કે અહીંનું પાણી જ એવું 'ફળદાયી' છે કે , જે અહીંની મહિલાને અચૂક પ્રેગ્નનન્ટ બનાવે છે અને આના ડરથી અહીં કામ કરતો કુંવારો લેડીઝ સ્ટાફ ઘેરથી જ પાણી લાવીને પીએ છે!બાય ધી વે, 'ઈશિતા'ને એક એવી ઘટના પણ યાદ છે કે ત્રણેક વર્ષ અગાઉ બ્રિટનના એક ચર્ચ સાથે સંકળાયેલી 6 નન ઉર્ફે સાધ્વી પણ એક સાથે ગર્ભવતી બની હતી! એ છ ને 'મધર'( પ્રેગ્નન્ટ!) બનાવાવાના પાછળનાં સેક્સ કૌભાંડમાં ચર્ચના જ બે પાદરી અર્થાત 'ફાધર' સંડોવાયેલા હતા!

# છીંકને સેક્સ સાથે શું લાગે-વળગે!

ઘણું બધું...! આ સવાલ અને એનો જવાબ સાંભળીને કોઈ પણ ચકરાવે ચઢી જાય. કોઈને સતત 'હાં..ક છીંક હાં..ક છીં'કરતાં જોઈને તમને સહેજે પેલા પ્રત્યે સહાનુભૂતિ થાય કે 'બાપડાને સખ્ત શરદી થઈ લાગે છે' આમેય આજકાલ ખરાબ મોસમ અને પ્રદૂષણને કારણે ઠેર ઠેર શરદીના વાયરા છે. એ તો છે પણ ન ધાર્યું હોય એવી વાત કે ઘટનાનું પૃથક્કરણ કે પછી અંગ્રેજીમાં કહીએ તો પોસ્ટમોર્ટમ કરીને અવનવાં તારણ



કાઢવાનાં કામમાં કેટલીક વ્યક્તિ એવી નિષ્ણાત હોય છે કે તમે ન ધાર્યા હોય એવાં તારણ એ કાઢી દેખાડે. આ છીંક અને શરદીની વાત લઈને કલ્પી ન શકાય એવું વિચિત્ર તારણ હમણાં લંડન ઓક્સફર્ડની 'જોન રેડલીફ હોસ્પિટલ' ની રિસર્ચ ટીમે કાઢ્યું છે. આ ટીમના વડા ENT સ્પેશ્યાલિસ્ટ ડો. મહમૂદ ભુત્તો કહે છે કે કેટલાક લોકોને સેક્સને લગતા સતત વિચારોની ઉત્તેજનાના પરિણામે ઉપરાછાપરી છીંક આવે છે! આ પ્રકારના સંશોધન પાછળ એક દર્દીની છીંક-કથા કારણભૂત છે. ડો. ભુત્તો પાસે આવેલો એક દરદી સતત છીંક ખાતો હતો. એને શરદી જેવું પણ ખાસ નહોતું એટલે એની છીંકનું કારણ શોધવા ડોક્ટરે એની ઊંડી તપાસ આદરી. તો પેલા દરદીએ વાતવાતમાં સ્વીકાર્યું કે એ જ્યારે પણ સેક્સ વિશે વધુ ઉત્કટતાથી વિચારે છે ત્યારે એની છીંકો શરુ થઈ જાય છે! આ મુદ્દો નોંધીને ડો ભુત્તોની રિ-સર્ચ ટીમે છીંક અને સેક્સ વચ્ચે કડી શોધવાનો યત્ન કર્યો તો એમને આવા સંખ્યાબંધ દર્દીના કિસ્સા મળી આવ્યા, જેના પરથી ડો. ભુટ્ટોએ છીંક-સેક્સ વચ્ચેનો સંબંધ શોધી કાઢીને એનાં તારણ હમણાં જાહેર કર્યાં છે. એમાં એમ પણ ઉમેર્યું છે કે આ છીંક-સેક્સનો 'રોગ' વારસાગત પણ હોઈ શકે! હવે આવો ચેપ લગાડે એ શરદી-સેક્સનું સંશોધન કેટલાં અંશે ખરું એ તો રામ જાણે અને સતત 'હાં..ક છીં હાં..ક છીં' કરનારો જ જાણે...!

## ઈશિતાનું ઈત્યાદિ ઈત્યાદિ

» આપણું ગાંધીબાપુંનું 'અ-હિંસક' ગુજરાત આજકાલ વિકાસના પંથે છે- જરા જૂદી રીતે... ગુજરાતમાં ગન કલ્ચર જબરું વિકસી રહ્યું છે. છેલ્લાંમાં છેલ્લા સરકારી આંકડા અનુસાર અહીં ગન વસાવવાનો શોખ વધી રહ્યો છે. એ પછી પોતાની સલામતી માટે કે પછી રોફ જાડવા માટે. અહીં છેલ્લાં પાંચ વર્ષમાં પાંચ હજારથી વધુ લોકોએ ગનના લાયસન્સ લીધા છે! આમાં અમદાવાદ સૌથી વધુ (690) બીજા નંબરે રાજકોટ (541) અને ત્રીજા ક્રમાંકે દાહોદની (487) વ્યક્તિએ ગન-લાયસન્સ મેળવ્યું છે! જય હો...ગરવી ગુજરાત !

------------------------

» દેશની વિભિન્ન કોર્ટમાં પાંચ કરોડથી વધુ કેસ પડતર છે, જે એક વિશ્વવિક્રમ છે. આવા પેન્ડિંગ કેસોમાંથી 60 ટકાથી વધુ કેસના ચુકાદા 'તારીખ પે તારીખ'ના ચક્કરમાં વર્ષો પછી આવે છે, જે પાછા એક અલગ જાતનો રેકોર્ડ સર્જે છે. તાજેતરમાં મહારાષ્ટ્ર-થાણેની એક યુવતીના અપહરણના કેસનો ચુકાદો આવ્યો છે, જેમાં ભાગેડુ આરોપીને કોર્ટએ નિર્દોષ જાહેર કર્યો છે અને જસ્ટ, તમારી જાણ સહજ- આ કેસનો ચુકાદો કોર્ટે બરાબર 48 વર્ષ પછી આપ્યો છે!

## * ઈશિતાની એલચી *

**કૂવો ખોદવા નીચે ઊતરવું પડે**
**મહેલ ચણવા ઉપર તરફ જવું પડે...!**